ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૩૬
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૩૦/૭/૨૦૧૫

**// પરિપત્ર //**

વિષયઃ- અનઅધિકૃત મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવરને નિયમીત કરવા બાબત.

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૬૪/૩૧, તા. ૧૦/૦૯/૨૦૦૭.

(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૬૪/૫૦, તા. ૦૯/૧૨/૨૦૦૯.

(૩) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૬૪/૧૩, તા. ૨૧/૦૪/૨૦૧૨.

નિગમની તમામ ઔદ્યોગિક વસાહતોમાં મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઇન્સ્ટોલેશન માટે પેટા ભાડે આપવા બાબતની નીતિ સંદર્ભિત પરિપત્ર ક્રમાંક -૧ અને ૨ થી પરિપત્રિત કરવામાં આવેલ. તથા અગાઉ તા. ૩૧/૦૩/૨૦૧૦ પહેલા પરવાનગી વગર ઇન્સ્ટોલ કરવામાં આવેલ ટાવરને નિયમીત કરવા માટેની નીતિ સંદર્ભિત પરિપત્ર ક્રમાંક -૩ થી પરિપત્રિત કરવામાં આવેલ. નિગમની ૪૮૧ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંકઃ ૧૯/વિતરણ/૪૮૧ સાદર કરવામાં આવેલ. જેના અનુસંધાને ઠરાવ ક્રમાંકઃ ૯૧/વિતરણ/૪૮૧/૨૦૧૫ થી નિગમની વસાહતોમાં મોબાઇલ ટેલીકોમ્યુનીકેશન ટાવરને નિયમીત કરવા બાબતે નીચે મુજબની નીતિ અમલમાં મુકવામાં આવે છે.

(૧) નિગમની જુદી-જુદી વસાહતોમાં નિગમની પૂર્વ મંજુરી વગર ઉભા કરવામાં આવેલ મોબાઇલ ટાવરને દૂર કરવાની કાર્યવાહી નિયમોનુસાર હાથ ધરવાની રહેશે. તેમજ જયાં જરૂરી હોય તેવા કિસ્સાઓમાં પોલીસ રક્ષણ મેળવી બિનઅધિકૃત ટાવર દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૨) નિગમના એવા ફાળવણીદારો કે જેઓએ પોતાની ઔદ્યોગિક મિલ્કતમાં કોઇપણ જાતના ઉદ્યોગની સ્થાપનાને બદલે ફકત મોબાઇલ ટાવર ઉભા કરી વાણિજયીક ઉપયોગ કર્યો હોય તેવા તમામ ફાળવણીદારો સામે જી.પી.પી. એકટ હેઠળ નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઉપરોકત સૂચનાઓનું નિગમના તમામ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી (વિતરણ)ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

નકલ જયભારત સહ રવાના:-

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ).